બે નકલ ઉમેદવારને સિક્કા / સ્ટીકર સાથે પરત આપશે. આ નકલ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે અને પરીક્ષા સમયે કોલ લેટર સાથે અચૂક સાથે લાવવાની રહેશે.

3) અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં.
4) પોસ્ટ ઓફીસમાં ફી ભરવાની છેલ્લી **તા. ૦૪/૦૫/૨૦૧૬** (પોસ્ટ ઓફીસના કામકાજના સમય સુધી)ની રહેશે.
5) ફી ભર્યા બાદ, રીફંડ કોઇપણ સંજોગોમાં મળવાપાત્ર નથી તેમજ ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.
6) પરીક્ષા ફી ભરવાથી ઉમેદવારને તેઓ દ્વારા દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર SMS થી ફી ભર્યાની જાણ કરવામાં આવશે. જો ઉમેદવારને SMS ના મળે તો, તાત્કાલિક ઉમેદવારે જે પોસ્ટ ઓફીસ ખાતે ફી જમા કરાવેલ હોય તે પોસ્ટ ઓફીસનો સંપર્ક કરવાનો રહેશે.
7) અરજી ફોર્મમાં નીચે મુજબની કેટેગરી Select કરનાર ઉમેદવારોએ કોઇપણ પ્રકારની પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.

    (ક) અનુસૂચિત જાતિ (SC)
    (ખ) અનુસૂચિત જન જાતિ (ST)
    (ગ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (SEBC)
    (ઘ) માજી સૈનિક (Ex.Serviceman) તમામ કેટેગરી
    (ચ) શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો (PH) તમામ કેટેગરી

## ૯. પસંદગી પ્રક્રિયા :-

"મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી" વર્ગ-૩ સંવર્ગની જગ્યા ઉપર પસંદગી પામવાનાં હેતુસર ઉમેદવારે ભાગ-૧ની ઓપ્ટીકલ માર્ક રીડીંગ **(OMR)** / **M.C.Q.** પધ્ધતિની હેતુલક્ષી પ્રશ્નોવાળી લેખિત કસોટી તથા ભાગ-૨ની કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. આ પરીક્ષામાં નીચે મુજબ ગુણભાર રહેશે.

**(ક)** **ભાગ-૧ લેખિત કસોટી**: લાયકાત ધરાવતા તમામ ઉમેદવારોની નીચેની વિગતે ઓપ્ટીકલ માર્ક રીડીંગ(**OMR**) / **M.C.Q.** પધ્ધતિથી, લેખિત કસોટી હેતુલક્ષી પ્રશ્નોની લેવાશે, જેમાં અભ્યાસક્રમનું ધોરણ અને વિષયવસ્તુ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં ધોરણ-૧૨ની કક્ષાના સામાન્ય જ્ઞાન અને લઘુત્તમ શૈક્ષણિક લાયકાતના વિષયોને અનુરૂપ પ્રશ્નોવાળુ પ્રશ્નપત્ર (**OMR**) રહેશે. કુલ પ્રશ્નો : ૨૦૦, કુલ ગુણ : ૨૦૦, સમય : ૧૫૦ મિનિટનો રહેશે.

| પેપર | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| પાર્ટ-૧ | સામાન્ય જ્ઞાન :- ગુજરાતનો ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન, ટેસ્ટ ઓફ રીઝનીંગ, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ વિગેરે. | ૮૦ | ૧૫૦ મિનિટ |
| પાર્ટ-૨ | ગુજરાતી સાહિત્ય , ગુજરાતી વ્યાકરણ | ૫૦ | |
| પાર્ટ-૩ | અંગ્રેજી વ્યાકરણ | ૪૦ | |
| પાર્ટ-૪ | ગાણિતિક કસોટીઓ, તાર્કીક કસોટીઓ | ૩૦ | |
| | કુલ ગુણ : | ૨૦૦ | |

(૧) **(i)** પરીક્ષા **Multiple Choice Question (MCQ)** અને **Optical Mark Reder (OMR)** પધ્ધતિની રહેશે. **(ii)** દરેક પ્રશ્નનો ૦૧ (એક) ગુણ રહેશે. **(iii)** ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. **(iv)** ખોટા જવાબ દીઠ, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવ માર્કીંગ લાગુ પડશે, **(v)** દરેક પ્રશ્નના જવાબોમાં **O.M.R.** ઉત્તરપત્રમાં એક વિકલ્પ **"E" "Not attempted"** રહેશે. ઉમેદવાર કોઇ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને **"E" "Not attempted"** વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં. **(vi)** પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઇ પણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે.

(૧) **(ii)** ભાગ-૧ લેખિત પરીક્ષામાં મેરીટના ધોરણે ઉત્તિર્ણ થનાર કુલ ખાલી જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોને ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ માટે બોલાવવામાં આવશે.

(ખ) ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી : ૧૦૦ ગુણ, સમય ૧:૩૦ કલાક

| પ્રશ્ન ક્રમાંક | વિષયનું વિવરણ | ગુણ |
|---|---|---|
| ૧ | એકસેલ સ્પ્રેડશીટ | ૨૦ ગુણ |
| ૨ | ઇમેઇલ કરવા (વીથ ફાઇલ એટેચમેન્ટ) | ૨૦ ગુણ |
| ૩ | પાવર પોઇન્ટ | ૨૦ ગુણ |
| ૪ | ટેન્ડર નોટીસ (અંગ્રેજી તથા ગુજરાતી ) | ૪૦ ગુણ |
| | કુલ : | ૧૦૦ ગુણ |

**(ગ) લઘુત્તમ લાયકી ધોરણ: પસંદગી યાદી તથા પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટેનું લઘુત્તમ લાયકી ધોરણ અનામત કેટેગરી સહિતની તમામ કેટેગરીના ઉમેદવારો માટે ભાગ-૧ લેખિત પરીક્ષા તથા ભાગ-ર કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ દરેક માટે કુલ ગુણના ૪૦ % ગુણ રહેશે. ભાગ-૧ લેખિત કસોટીમાં મેરીટના ધોરણે ઉત્તિર્ણ થનાર ઉમેદવારોને જ ભાગ-ર કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ માટે બોલાવવામાં આવશે.**

**(ઘ) પસંદગી યાદી તથા પ્રતિક્ષાયાદી ભાગ-૧ લેખિત પરીક્ષા તથા ભાગ-ર કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટમાં મેળવેલ કુલ ગુણના આધારે પ્રમાણપત્રોની ચકાસણીના અંતે તૈયાર કરવામાં આવશે.**

**(ચ) પ્રતિક્ષાયાદી કુલ ખાલી જગ્યાના ૧૦ ટકા મુજબ કેટેગરીવાઇઝ તેમજ પુરુષ તથા મહિલા અલગ રીતે દર્શાવી તૈયાર કરવામાં આવશે.**

**૧૦. સામાન્ય શરતો :-**

(૧) જાહેરાતમાં જે કક્ષાની અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત છે તેઓને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ માજી સૈનિક સિવાય વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે.

(૨) સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત નમૂનાનું સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક (ગુજરાતીમાં) ના નમૂનામાં પ્રમાણપત્ર મંડળ માંગે ત્યારે રજુ કરવાનું રહેશે. **તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા.૩૧/03/૨૦૧૬** ના સમયગાળાની આવકને ધ્યાને લઇ, **તા.૦૧/૦૪/૨૦૧૬ થી અરજી કરવાની છેલ્લી તા. 30/0૪/૨૦૧૬ દરમ્યાન મેળવેલ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેના અસલ પ્રમાણપત્રનો નંબર અને તેની તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનો રહેશે.** (અંગ્રેજીમાં કઢાવેલ નોન ક્રિમીલેયર સર્ટિફિકેટ જે કેન્દ્ર સરકારની નોકરી માટેનું હોય માન્ય ગણવામાં આવશે નહીં.) પરીક્ષા બાદ, પ્રમાણપત્રોની ચકાસણી સમયે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજૂ ન કરી શકતાં ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે. આથી, ઓનલાઇન અરજી કરતી વખતે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત સમયગાળાનું અને નિયત નમૂનાનું પ્રમાણપત્ર ધરાવતા ના હોય તેવા ઉમેદવારોને જનરલ ઉમેદવાર તરીકે અરજી કરવા સલાહ આપવામાં આવે છે.

(૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવાર આવું નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના પિતાની આવકના સંદર્ભમાં ધરાવતા હોવા જોઈશે. જો